# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ- રાજકોટ

## શ્રીચીમનભાઇ પટેલ વિકાસ ભવન,

## જામનગર રોડ, પોસ્ટ બોકસ નં.-૨૩૮, રાજકોટ

---

(૧) હેતુ :-

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે રાજકોટમાં જ મુખ્ય કચેરી કે પેટા કચેરી ધરાવતા ચાર્ટડ એકાઉન્ટન્ટની સેવા મેળવવા માટે દરખાસ્ત મંગાવવામાં આવે છે.

(૨) લાયકાત અને અનુભવ :-

(i) ICAI દ્વારા નક્કી કરવામાં આવેલ રેન્કીંગ મુજબની કેટેગરી ૧ ફર્મ હોવી જોઈએ.

(ii) ફર્મની ઓડીટ અને એક્સટેન્શનની આવક રૂ. ૫૦ લાખથી વધુ હોવી જોઈએ.

(iii) ફર્મનો નોંધણી સમયગાળો ઓછામાં ઓછો ૧૫ વર્ષ હોવો જોઈએ.

(iv) ફર્મમાં ઓછામાં ઓછા ૫ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ હોવા જોઈએ. જેમાંથી ઓછામાં ઓછા 3 ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ ફરજીયાત ભાગીદાર હોવા જોઈએ.

(v) નોંધાયેલી કંપનીના કિસ્સામાં (ઉપર કેટેગરી ૧) ફર્મ દ્વારા ઓછામાં ઓછી એક લિસ્ટેડ કંપનીનું ઓડીટ કાર્ય છેલ્લા 3 વર્ષમાં સંભાળેલ હોવું જોઈએ. અથવા ફર્મ દ્વારા ગુજરાત સરકારશ્રીના તા.૧૬-૦૯-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક- જનવ-૧૦-૨૦૧૮-૧૧૪૩-અના પરિશિષ્ટ ૧, ૨, અને 3માં કેટેગરી ૧ અથવા ૨ તરીકે ઉલ્લેખ કરેલ જાહેર સાહસો. સત્તામંડળો, સંસ્થાઓ વગેરે પૈકી ઓછામાં ઓછા કોઈ પણ એકનું છેલ્લા 3 વર્ષમાં કોઈ પણ પ્રકારનું ઓડીટ, એટલે કે સ્ટેચ્યૂટરી ઓડીટ, આંતરીક ઓડીટ, પ્રી-ઓડીટ કે સાતત્ય ઓડીટ કરેલ હોવું જોઈએ.

(vi) ફર્મની રજીસ્ટર્ડ ઓફીસ ગુજરાતમાં હોવી જોઈએ. અને જો રજીસ્ટર્ડ ઓફીસ ગુજરાતમાં ન હોય તો બે પૂર્ણ સમયની શાખાઓ ગુજરાત રાજ્યમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષથી કાર્યરત હોવી જોઈએ.

(3) કામગીરીની વિગત :-

(i) અત્રેના સત્તામંડળનુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું વાર્ષિક ઓડિટ

(ii) અત્રેના સત્તામંડળનુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું IT, GST, તેમજ RERA રીટર્ન

(iii) અત્રેના સત્તામંડળનુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું માસિક ઓડિટ

(iv) અત્રેના સત્તામંડળનુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે IT, GST, તેમજ RERAના સલાહકાર (CONSULTANT) તરીકેની સેવાં

(૪) ટેન્ડર ફી :- રૂ. ૭૫૦=૦૦ + ૧૮ % = રૂ. ૮૮૫=૦૦ જીએસટી (ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે) ( નોન રીફંડેબલ)

(૫) **E.M.D. :-** રૂ. ૧૦,૦૦૦=૦૦ ((" RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY"ના નામની –FDR સ્વરૂપે)

(૬) **S.D:-** ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, પસંદ થયેલ સંસ્થાએ LOA મળ્યેથી રકમ રૂ. ૧૦૦૦૦/-નો

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ- રાજકોટ

## શ્રીચીમનભાઇ પટેલ વિકાસ ભવન,

## જામનગર રોડ, પોસ્ટ બોકસ નં.-૨૩૮, રાજકોટ

D.D. (" RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY"ના નામનો) સિકયોરીટી ડિપોઝીટ તરીકે આપવાનો રહેશે.

(૭) દરખાસ્ત કરવાની રીત :

(i) દરખાસ્ત સત્તામંડળ દ્વારા નિયત કરેલ ફોર્મમાં જ કરવાની રહેશે, તે સિવાયની દરખાસ્ત ધ્યાને લેવાશે નહી.

(ii) દરખાસ્તમાં મુદ્દા નં. ૩માં દર્શાવેલ દરેક કામગીરી માટે અલગ અલગ ફી તેમજ કુલ ફી (GST સાથે) અલગ સીલબંધ કવરમાં દર્શાવવાની રહેશે.

(iii) દરખાસ્ત રજીસ્ટર્ડ એડી પોસ્ટ મારફતે જ અત્રેના સત્તામંડળમાં નીચે દર્શાવેલ સરનામે તા. 28-૦૧-૨૦૨૨ ના રોજ કચેરી સમય ૧૮: ૧૦ પહેલા મળે તે રીતે કરવાની રહેશે ત્યાર પછીની દરખાસ્ત સ્વીકરવામાં આવશે નહી.

(iv) દરખાસ્ત તા. 14-૦૧-૨૦૨૨ થી તા. 28-૦૧-૨૦૨૨ સુધી કચેરી સમય ૧૦: ૩૦ થી ૧૮: ૧૦ દરમ્યાન કરી શકાશે.

(v) દરખાસ્ત સીલબંધ કવરમાં જ કરવાની રહેશે. મુખ્ય સીલબંધ કવર પર " નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સી.એ.ની નિમણુંક માટેની દરખાસ્ત " લખવાનું રહેશે. મુખ્ય સીલબંધ કવરની અંદર પ્રાઇઝબીડનુ સીલબંધ કવર તથા અન્ય તમામ ડોક્યુમેન્ટ રાખવાના રહેશે.

(૮) શરતો :-

(i) ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન દર માસે સત્તામંડળની મુલાકાત લઇ માસિક ઓડિટ કરી માસિક ઓડિટ તેમજ વર્ષના અંતે વાર્ષિક ઓડિટ કરી વાર્ષિક રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.

(ii) આવકવેરા, GST અને RERAના રીટર્ન સમયમર્યાદામાં ભરી તેને સંલગ્ન સર્ટીફીકેટ તથા ફોર્મ નં.16, 16A 7A રજૂ કરવાના રહેશે

(iii) આવકવેરા, TDS, GST અને RERA અંગે સત્તામંડળ દ્વારા મૌખિક કે લેખિત પ્રશ્ન પુછવામાં આવે ત્યારે તેનો જવાબ જરૂરી આધાર તેમજ અર્થઘટન સાથે સત્વરે રજૂ કરવાનો રહેશે.

(iv) આવકવેરા, TDS, GST અને RERAની જોગવાઇમાં જે પણ ફેરફાર થાય તેની માહિતી જરૂરી આધાર તથા અર્થઘટન સાથે રજૂ કરવાની જવાબદારી સી.એ.શ્રીની રહેશે.

(v) સત્તામંડળ દ્વારા આવકવેરા, TDS, GST અને RERAની કોઇ સમસ્યા અંગે ચર્ચા કરવા સી.એ.શ્રીને સત્તામંડળમાં રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે સી.એ.શ્રીએ હાજર રહેવાનું રહેશે.

(vi) આગામી ત્રણ વર્ષ માટે ઉપર જણાવ્યા મુજબની કામગીરી નિયત થયેલ ફીના દરે સી.એ.શ્રીને સોપવામાં આવે તો સી.એ.શ્રીએ સ્વીકારવાની રહેશે. આખરી નિર્ણય મુખ્ય કારોબારી અધિકારીશ્રી દ્વારા લેવામાં આવશે, જે સી. એ. શ્રીને બંધનકર્તા રહેશે.

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ- રાજકોટ

## શ્રીચીમનભાઇ પટેલ વિકાસ ભવન,

## જામનગર રોડ, પોસ્ટ બોકસ નં.-૨૩૮, રાજકોટ

(vii) નિયત થયેલ પ્રોફેશનલ ફી સિવાય, કોઇપણ પ્રકારની વધારાની રકમ અત્રેથી ચૂકવવામાં આવશે નહી.

(viii) સમગ્ર કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ જ નિયત થયેલ કુલ ફી નિયમાનુસાર કપાત કરી ચેકથી ચૂકવવામાં આવશે.

સહી
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ- રાજકોટ

## શ્રીચીમનભાઇ પટેલ વિકાસ ભવન,

## જામનગર રોડ, પોસ્ટ બોકસ નં.-૨૩૮, રાજકોટ

**<u>રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળમાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે, ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણુંક માટેના ફોર્મનો નમૂનો</u>**

૧. દરખાસ્ત કરનાર સંસ્થાનુ નામ :-

___

(FIRM'S REGISTRATION CERTIFICATE તથા PAN CARD ની નકલ રજૂ કરવી)

૨. દરખાસ્ત કરનાર સંસ્થાનુ સરનામુ :-

(૧) મુખ્ય કચેરી :-

(૨) પેટા કચેરી:-

(ગુજરાતમાં મુખ્ય કચેરી/પેટા કચેરી હોવાનો જરૂરી આધાર રજૂ કરવો)

3. ICAI દ્વારા નક્કી કરવામાં આવેલ રેન્કીંગ મુજબની કેટેગરી ૧માં આવે છે કે કેમ? હા/ના (જરૂરી આધાર રજૂ કરવો)

૪. ફર્મની ઓડીટ એક્સ્ટેન્શનની આવક રૂ.૫૦ લાખથી વધુ છે કે કેમ? હા/ના (જરૂરી આધાર રજૂ કરવો)

૫. ફર્મમાં રહેલ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની વિગત ( જરૂરી આધારો સાથે) –

૬. ફર્મમાં ભાગીદાર તરીકે રહેલ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટની વિગત ( જરૂરી આધારો સાથે) –

૭. અનુભવની વિગત :-

| ક્રમ | સરકારી/અર્ધ સરકારી કચેરીનુ નામ | કામગીરીની ટુકી વિગત | કામગીરીનો સમય ગાળો | કચેરીનુ અનુભવ નુ પ્રમાણપત્ર સામેલ છે કે નહી. |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ- રાજકોટ

## શ્રીચીમનભાઇ પટેલ વિકાસ ભવન,

## જામનગર રોડ, પોસ્ટ બોકસ નં.-૨૩૮, રાજકોટ

૮. ટેન્ડર ફી અને E.M.D. (ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે)

| ક્રમ | વિગત | રકમ | એફ ડી.આર./ ડી.ડી. નંબર | બેંકનુ નામ |
|---|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફી | ૮૮૫=૦૦ | | |
| ૨ | E.M.D. | ૧૦,૦૦૦=૦૦ | | |

૯. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિયત થયેલ દરખાસ્ત માટેની તમામ શરતો અમોએ વાંચેલ છે અને જે અમોને મંજુર છે.

૧૦. PRICE BID અલગ સીલબંધ કવરમાં કામગીરી પ્રમાણે અલગ અલગ ફી (GST સાથે) અને કુલ ફી દર્શાવી સસ્થાના લેટરપેડ ઉપર સહી સિકકા સાથે અમોએ આ સાથે રજૂ કરેલ છે.

સહી અને સિકકો

સ્થળ :-

તારીખ :-

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળમાં નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે, ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણુંક માટેની પ્રાઇઝબીડ નમૂનો

(જેતે સંસ્થાના લેટરપેડ પર)

| ક્રમ | વિગત | ફી (તમામ વેરા સહિત) |
|---|---|---|
| ૧ | અત્રેના સત્તામંડળનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું વાર્ષિક ઓડિટ | |
| ૨ | અત્રેના સત્તામંડળ હસ્તકના એ.ઓ.પી. એકાઉન્ટનું રીટર્ન | |
| ૩ | અત્રેના સત્તામંડળનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું IT રીટર્ન તથા સંલગ્ન કામગીરી | |
| ૪ | અત્રેના સત્તામંડળનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું માસિક ઓડીટ | |
| ૫ | અત્રેના સત્તામંડળનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું GST રીટર્ન તથા સંલગ્ન કામગીરી | |
| ૬ | અત્રેના સત્તામંડળનું નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩નું RERA રીટર્ન તથા સંલગ્ન કામગીરી | |
| | કુલ | |

નોંધ : પ્રાઇઝબીડ અલગ સીલબંધ કવરમાં રજૂ કરવાની રહેશે.

સ્થળ :-

સહી અને સિક્કો

તારીખ :-